વેડચ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૯૦૫૧૨૫૦૨૯૧/૨૦૨૫ તથા પોકસો કેસ નં.૦૬/૨૦૨૬ના કામે પોલીસ અધિક્ષકશ્રી સુશીલ અગ્રવાલ, વડોદરા ગ્રામ્ય,વડોદરા તરફે પી.આઇ.શ્રી. એચ.બી.ગોહીલએ રજુ કરેલ આંક–૩૯ની મુદત અરજી નીચે હુકમ

૧. પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, શ્રી સુશીલ અગ્રવાલ હાજર નથી અને કલાક ૧૦.૪૫ એ પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય અને તપાસ કરનાર અધિકારી તથા શ્રી સુશીલ અગ્રવાલ, પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય તરફે શ્રી એચ.બી.ગોહીલ,પી.આઇ.શ્રી વાઘોડીયા તથા પી.આઇ.શ્રી પી.જે.ખરસાણ, એલ.સી.બી. વડોદરા ગ્રામ્ય પોતે બંને હાજર હોવાનું જણાવે છે અને ઉપરોકત આંક–૩૯ થી મુદત અરજી રજુ કરેલ છે અને જવાબ સોંગદનામા સાથે રજુ કરવા માટે તથા સુનવણી માટે તથા કેસ ડાયરીની ખરી નકલ બંધ કવરમાં રજુ કરવા માટે તપાસ કરનાર અધિકારી શ્રી અને પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્યને તથા શ્રી સુશીલ અગ્રવાલ, પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્યને મુદતની જરૂર છે તેવું મૌખીક રીતે જણાવે છે અને સાથે મુદત રીપોર્ટમાં કારણ વરણામાના ગુના નંબરનો ઉલ્લેખ કરી સંકલન અને ઇન્ટર એજન્સી જોઇન્ટ ઇન્ટ્રોગેશન તથા અન્ય જરૂરી કામગીરીમાં તપાસ કરનાર અધિકારી રોકાયેલા હોય તેમ જણાવે છે અને ત્રણ દિવસની મુદત આપવા વિનંતી કરે છે.

૨. સરકાર તરફે પબ્લીક પ્રોસીકયુટરશ્રી અને જીલ્લા સરકારી વકીલશ્રી પી.બી.પંડયા પોતે હાજર હોવાનું જણાવે છે અને તે તપાસ કરનાર અધિકારીની આંક–૩૯ની મુદત અરજીમાં તેમણે શેરો કરેલ હોવાનું જણાવે છે અને તે શેરામાં પોતે જણાવેલ છે તે બાબતે જણાવે છે કે,'' સદર તમામ પ્રકરણ અંગે આજરોજ અમારે ડી.ઓ.પી.શ્રી સાથે મુદ્દાસર વાત થયેલ છે અને આ બાબતે તમામ રજુઆત અમારે ડી.ઓ.પી.શ્રીને કરી જાણ કરવાની થાય છે તે તમામ રજુ કરી અમો સ્પષ્ટતા કરી શકીશુ વધુમાં તમામ જોતા મુદત માટે વાંધો નથી'' તેમજ વિ.પી.પી.શ્રી અને જીલ્લા સરકારી વકીલશ્રી પી.બી.પંડયા વધુમાં જણાવે છે કે, '' એસ.પી.શ્રી જે કારણ મુદત માટે આપેલુ છે તે માટે ટેલીફોનીક વાતચીત અમારી સાથે કરેલી છે જે વ્યાજબી જણાય છે'' આ રીતે પોતે શેરો કર્યાનું વિ.પબ્લીક પ્રોસીકયુટર શ્રી અને જીલ્લા

સરકારી વકીલશ્રી પી.બી. પંડયા જણાવે છે તેમજ વિ.એ.પી.પી.સુ.શ્રી. જી.વી.વ્યાસે વાંધો હોવાનો તથા વિ.એ.પી.પી.શ્રી. પી.સી. રાજપુતે મુદત અરજી સામે વાંધો છે તેવું જણાવે છે અને તે બાબતે શેરો કરેલ છે, પી.આઇ.શ્રી. એચ.બી. ગોહીલ આ તમામ શેરા જોઇને સીન કરેલ છે અને શ્રી. પી.જે. ખરસાણ પી.આઇ. હાજર છે અને તેમને પણ આંક–૩૯ના રીપોર્ટ તથા તેમાના શેરાઓ ધ્યાને મુકવામાં આવે છે અને તે મુદત રીપોર્ટમાં શેરા જોઇને સીન કરેલ છે તેમજ આરોપીના વિ.વકીલશ્રી જે.વી.પટેલ અને એ.જે.સોની હાજર છે અને વિ.વકીલશ્રી જે.વી.પટેલએ મુદત અરજીમાં વાંધો નથી તે બાબતે શેરો કરેલ છે અને આરોપી જયુડીશ્યલ કસ્ટડીમાં જેલમાં છે અને વી.સી.માં હાજર છે. પોલીસ ઇન્સ્પેકટર શ્રી એચ.બી.ગોહીલ તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી પી.જે.ખરસાણને આંક–૩૪ થી તા.૦૭/૦૭/૨૦૨૬ના રોજ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા લિસ્ટ તથા તેની સાથેના રજુ થયેલ દસ્તાવેજો નિ.૩૪/૧ થી ૩૪/૪ આઇ.ઓ.ને ધ્યાને આવે તે માટે ધ્યાને મુકવામાં આવેલ છે અને બંને પી.આઇ.શ્રીએ તે આંક–૩૪ના લિસ્ટમાં જોઇને સીનનો શેરો કરેલ છે.

૩. પબ્લીક પ્રોસીકયુટરશ્રી તથા જીલ્લા સરકારી વકીલશ્રી પી.બી.પંડયા, પી.આઇ.શ્રી એચ.બી. ગોહીલ, પી.આઇ.શ્રી પી.જે.ખરસાણ તથા વિ.એ.પી.પી.સુ.શ્રી. જી.વી.વ્યાસ તથા વિ.એ.પી.પી.શ્રી પી.સી.રાજપુત તથા આરોપીના વિ.વકીલશ્રી જે.વી.પટેલ અને એ.જે.સોની હાજર છે અને આંક–૩૯ની મુદત અરજી જે છે અને જે શેરા કર્યા છે તે ધ્યાને લીધા, રજુઆત ધ્યાને લીધી અને આંક–૩૩ ની અરજી અને તે નીચેનો હુકમ ધ્યાને લીધો અને આંક–૩૩ ની અરજી નીચેના હુકમમાં જવાબ સોંગદનામા સાથે રજુ કરવાનો તેમજ કેસ ડાયરી રજુ કરવા બાબતે તેમજ સુનવણી માટે હાજર રહેવા માટે પણ હુકમ હતો અને મુદત અરજીનું કારણ ધ્યાને લીધું, તપાસ કરનાર અધિકારી પોતે અન્ય કામમાં કે જે મુદત અરજીમાં જણાવેલ છે તે કામમાં રોકાયેલા હોય તો જવાબ સોંગદનામા સાથે તથા સીલબંધ કેસડાયરીની ખરી નકલ જે પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ આવેલ છે તેમની સાથે બંધ કવરમાં મોકલાવીને રજુ કરી શકત અને સુનવણી માટે માત્ર મુદતની

વિનંતી કરી શકત પરંતુ તપાસ કરનાર અધિકારી તરફે જવાબ સોંગદનામા સાથે અને સીલબંધ કેસડાયરીની ખરી નકલ પણ આજ રોજ રજુ કરવામાં આવતી નથી અને મુદત અરજીનું જે કારણ દર્શાવેલ છે અને આંક–૩૩ની અરજી અને તેની નીચેનો હુકમ અને આ કામનું જે રેકર્ડ છે તે ધ્યાને લેતા અને કામ યુ.ટી.પી. છે અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમની કલમ–૩૫ માં ટાઇમ લીમીટ આપેલી છે તેમજ જાતીય ગુનાથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ નીચેના કેસો વહેલામાં વહેલા ચાલે તેવુ નામદાર ગુજરાત હાઇકોર્ટની વહીવટી સુચનાઓ પણ છે તેમજ નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટ,ભરૂચના પત્ર નં.ઇન્સ.૦૯/૨૩૬/૨૦૨૬, તા.૦૬/૦૬/૨૦૨૬માં જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ નીચેના કેસો ઝડપથી નિકાલ કરવા યોગ્ય ઘટતી કાર્યવાહી કરવા માટેની પણ પત્રથી સુચના છે, આ તમામ હકીકતને સાથે ધ્યાને લેવામાં આવે અને મુદતનું કારણ કરેલ ચર્ચા અને રેકર્ડ જોતાં વ્યાજબી જણાતું નથી છતાં પણ અંતિમ ન્યાયનો હેતુ ધ્યાને લેતા ત્રણ દિવસની જે મુદત માંગેલ છે તે આપવી ન્યાયી જણાય છે અને બંને પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ હાજર છે તેમને કંઇ તારીખ જોઇએ છે તે પુછતા તે તપાસ કરનાર અધિકારીને પુછીને જણાવે છે તેવુ કહી તપાસ કરનાર અધિકારીને પુછીને જણાવે છે કે, તા.૧૪/૦૭/૨૦૨૬ ની તારીખ જોઇએ છે અને અન્ય કેસ પણ જે છે તેમાં પણ તા.૧૪/૦૭/૨૦૨૬ ની તારીખ છે તે માટે તા.૧૪/૦૭/૨૦૨૬ આપવા વિનંતી કરે છે અને આ તબકકે આરોપીના વિ.વકીલશ્રી જે.વી.પટેલ અને એ.જે.સોની મૌખીક રીતે જણાવે છે કે, કામ યુ.ટી.પી. છે જેથી ત્રણ દિવસની જ તારીખ આપવી જોઇએ તે રીતે વિનંતી કરે છે, બંને પી.આઇ.શ્રીને કવેરી કરવામાં આવે છે કે, આ કામે આંક–૩૩ ની અરજી નીચેના હુકમ મુજબ જે જવાબ સોંગદનામા સાથે રજુ કરવાનો છે અને કેસ ડાયરીની ખરી નકલ તથા સુનવણી માટે છે તે જ રીતે અન્ય કેસમાં કોઇ અરજી છે કે કેમ? તે પુછતા બંને પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ ના પાડે છે, આ હકીકત ધ્યાને લીધી તેમજ આ કામે જે વધુ તપાસનો હુકમ આંક–૨૧ નીચે થયેલ છે તે ધ્યાને લીધો અને ન્યાયનું હિત સાથે ધ્યાને લેતા અને આ કામમાં

હાલ આંક–૩૩ ની અરજી થયેલ હોય તે નીચેના હુકમ મુજબ જવાબ સોંગદનામા સાથે રજુ કરવાનો હોય તેમજ કેસ ડાયરીની ખરી નકલ બંધ કવરમાં રજુ કરવાની હોય તેમજ આંક–૩૩ ની અરજીની સુનવણી માટે હોય તે ધ્યાને લેતા અને રજુઆત ધ્યાને લેતા આ કામમાં અંતિમ ન્યાયના હેતુ ખાતર મુદત તા.૧૩/૦૭/૨૦૨૬ કલાક ૧૦.૪૫ની જવાબ સોંગદનામા સાથે રજુ કરવા તેમજ કેસ ડાયરીની ખરી નકલ બંધ કવરમાં રજુ કરવા માટે આઇ.ઓ.ને આપવામાં આવે છે તેમજ આઇ.ઓ.ને સુનવણી માટે તા.૧૪/૦૭/૨૦૨૬ ની કલાક ૧૦.૪૫ની આપવામાં આવે છે અને મુદત તા.૧૩/૦૭/૨૦૨૬ના રોજ આઇ.ઓ. જવાબ સોંગદનામા સાથે અને કેસ ડાયરીની ખરી નકલ બંધ કવરમાં અત્રેની કોર્ટને તેમના કોઇ પોલીસ અધિકારી મારફતે મોકલીને રજુ કરાવી શકે છે અને તા.૧૪/૦૭/૨૦૨૬ કલાક ૧૦.૪૫એ આઇ.ઓ. એ સુનવણી માટે રેકર્ડ સાથે જાતે હાજર રહેવું .

૪. પબ્લીક પ્રોસીકયુટર શ્રી અને જીલ્લા સરકારી વકીલશ્રીએ પણ ઉપરોકત મુદતે અત્રેની કોર્ટમાં કલાક ૧૦.૪૫એ હાજર રહેવું.

૫. આ હુકમની નકલ પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા અને તપાસ કરનાર અધિકારી તેમજ શ્રી સુશીલ અગ્રવાલ, પોલીસ અધિક્ષકશ્રી વડોદરા ગ્રામ્ય, વડોદરાને આપવી અને તે માટે તપાસ કરનાર અધિકારી તરફે હાજર પોલીસ ઇન્સ્પેકટરશ્રીને તે નકલો આપવી.

૬. ઉપરોકત હુકમ, આ કામનું રેકર્ડ ધ્યાને લેતા, આ હુકમની જાણ પોલીસ મહાનિરીક્ષક વડોદરા વિભાગને થાય તે માટે તેઓશ્રીને હુકમની નકલ ઇ–મેઇલથી મોકલવી.

આ હુકમ આજરોજ તા.૦૮ મી જુલાઇ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહીથી જાહેર કર્યો.

તા.૦૮/૦૭/૨૦૨૬
ભરૂચ

(હિતેશ હરીલાલ ગાંધી)
ત્રીજા એડી. સેસન્સ અને
સ્પે. પોકસો જજ, ભરૂચ.
(U.I.CODE-GJ00659)